ડો. કે.એન.વ્યાસ ધ્વારા આપવામાં આવેલ દાનને તેમના માતા–પિતાના નામ પર સુવર્ણ જડિત મેડલ તરીકે આપવા તેમજ તે અંગેના વિનિયમોની મંજૂરી આપવા બાબત.

## ◈ જાહેરનામુ નં. ૫૭૭/૨૦૧૬ ◈

**આથી સંબંધકર્તા સર્વેને જણાવવામાં આવે છે કે, તા.૮.૧૦.૨૦૧૬ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટીના સંચાલક મંડળની છત્રીસમી બેઠકના કાર્યનોંધના મુદ્દા નં. ૩૬.૧૨ થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે.**

" **આથી ઠરાવવામાં આવે છે કે** ડો. કે.એન.વ્યાસ તરફથી મળેલ દાન સ્વીકારી પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય નવસારીથી ઉત્તિર્ણ થયેલ સ્નાતક કક્ષામાં સૌથી વધુ ઓજીપી ધરાવતા વિદ્યાર્થીને તેમના માતા–પિતાના નામ (સ્વર્ગસ્થ જયાબેન નંદલાલ વ્યાસ અને સ્વર્ગસ્થ નંદલાલ પિતાંબર વ્યાસ સુવર્ણ જડીત મેડલ)થી ***પરિશિષ્ટ–૩૬.૧૨(૧)*** ના વિનિયમો મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી આપવાનું ઠરાવવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજી/સંચાલક મંડળ /૧૬૫૭૧–૬૨૦ /૨૦૧૬
નવસારી તા. ૨૯.૧૧.૨૦૧૬

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાનાઃ–**

૧. નવસારી કૃષિ યુનિવર્સિટીના સંચાલક મંડળના તમામ સભ્યોશ્રીઓ તરફ
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ
૩. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કોલેજના ડીનશ્રીઓ/આચાર્યશ્રીઓ તરફ
૪. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ

**નકલ રવાનાઃ–**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી તરફ જાણ સારુ.
૨. અત્રેની કચેરીના એડીએમ. ૨.૧/૨.૨/૨.૩/૨.૫ શાખાઓ તરફ જાણ તથા અમલ સારુ..

પરિશિષ્ટ: ૩૬-૧૨(૧)

# પરિશિષ્ટ –'અ'

વેટરનરી કોલેજ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સ્નાતક કક્ષાના પુરસ્કાર "સ્વર્ગસ્થ જયાબેન નંદલાલ વ્યાસ અને સ્વર્ગસ્થ નંદલાલ પિતાંબર વ્યાસ સુવર્ણ જડિત રજત મેડલ" ના ધારા–ધોરણો.

| | |
|---|---|
| ૧. | આ ધારા–ધોરણો નવસારી કૃષિ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ–૩૮ મુજબ રચવામાં આવેલ છે. |
| ૨. | આ મેડલ "સ્વર્ગસ્થ જયાબેન નંદલાલ વ્યાસ અને સ્વર્ગસ્થ નંદલાલ પિતાંબર વ્યાસ સુવર્ણ જડિત મેડલ" તરીકે ઓળખવામાં આવશે. |
| ૩. | આ સુવર્ણ જડિત રજત મેડલ ૫૦ (પચાસ) ગ્રામ વજનનો હશે અને યુનિવર્સિટી, દ્વારા તૈયાર કરવામાં આવશે. |
| ૪. | આ મેડલ દર વર્ષે યુનિવર્સિટી દ્વારા બી.વી.એસસી. એન્ડ એનીમલ હસબન્ડરીમાં સૌથી વધુ ઓવર ઓલ ગ્રેડ પોઈન્ટ (ઓજીપીએ) મેળવનારને આપવામાં આવશે. ૧૦ ઓજીપીએ માંથી ઓછામાં ઓછા ૭.૦ ઓજીપીએ મેળવનાર ઉમેદવાર લાયકાતપાત્ર ગણાશે. |
| ૫. | સમાન ઓજીપીએ ના કિસ્સામાં રમત–ગમત તેમજ ઈતર પ્રવૃત્તિમાં ભાગ લેવો તેમજ તેમાં કોલેજ/યુનિવર્સિટી/રાજય કક્ષાએ ક્રમ આવવો તેમજ સમિતિ દ્વારા એનાટોમી વિષયમાં ઉમેદવારે મેળવેલ ગુણને ધ્યાનમાં લેવામાં આવશે. |
| ૬. | આ પુરસ્કાર "સ્વર્ગસ્થ શ્રીમતિ જે. એન. વ્યાસ સુવર્ણ મેડલ" શબ્દો કોતરેલ સુવર્ણ જડિત રજત મેડલના રૂપમાં આપવામાં આવશે. |
| ૭. | (અ) ડીન ફેકલ્ટી ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનીમલ હસબન્ડરી<br>(બ) નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ<br>(ક) કુલસચિવશ્રી<br>(ડ) કુલપતિશ્રી દ્વારા નિમવામાં આવેલ નિષ્ણાંતની સમાવિષ્ટ સમિતિ દ્વારા વિજેતા નકકી કરવામાં આવશે. "સ્વર્ગસ્થ શ્રીમતિ જે. એન. વ્યાસ સુવર્ણ મેડલ" નો અને સમિતિનો નિર્ણય આખરી રહેશે. |
| ૮. | આ સુવર્ણ જડિત રજત મેડલ દર વર્ષે પદ્વીદાન સમારંભમાં વિજેતા વિદ્યાર્થીને આપવામાં આવશે. |
| ૯. | થાપણની વિગતો નવસારી કૃષિ યુનિવર્સિટી, દ્વારા પદ્વીદાન સમારંભ પહેલા જણાવવામાં આવશે. |
| ૧૦. | થાપણનો નવસારી કૃષિ યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલમાં સમાવેશ કરવામાં આવશે. |
| ૧૧. | જે વિદ્યાર્થીને "F" (નાપાસ) અથવા "US" અથવા "I" ગ્રેડ સ્નાતક કક્ષાની ડીગ્રી પૂર્ણ થતા સુધીમાં કોઈપણ સમયે મળેલ હોય અથવા કોઈપણ સમયે ડ્રોપ અથવા અભ્યાસક્રમ પાછો ખેંચી લીધો હોય, અથવા અપૂર્ણ અભ્યાસક્રમ રાખેલ હોય અથવા ગેરશિસ્ત /ગેરવર્તણૂંક માટે કંડકટ પ્રોબેશન મળેલ હોય તેવા વિદ્યાર્થી આ મેડલ મેળવવા માટે લાયક ગણાશે નહી. |